# જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ઉપક/૪૯૬/૧૬,તા:૨૯/૦૬/૨૦૧૬

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ગુજરાત એક્ટ નં:૨૨ ૧૯૫૧)ની જોગવાઈ હેઠળ સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા ચાલુ રાખવા માટેના નિયમો અમદાવાદ શહેરની હકુમતના વિસ્તાર માટે પોલીસ કમિશનર અમદાવાદ શહેર દ્વારા જાહેરનામા ક્રમાંક:૬૨૦,તા:૧૭/૦૬/૧૯૬૧થી ઘડવામાં આવ્યા છે.આ જાહેરનામાંના નિયમ ૪ (૧) નો સુધારો કરવો વહીવટી અનુકુળતા માટે ઉચિત જણાય છે.

હું શિવાનંદ ઝા, પોલીસ કમિશનર,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) (W) અને (Y) (ગુજરાત એક્ટ નં:૨૨ ૧૯૫૧) અન્વયેથી મને મળેલ સત્તાની રુએ સાર્વજનિક ખાનપાનની જગ્યા ખોલવા અથવા ચાલુ રાખવા માટેના નિયમો (જાહેરનામા ક્રમાંક:૬૨૦,તા:૧૭/૦૬/૧૯૬૧)ના નિયમ ૪ (૧) માં નીચે મુજબનો સુધારો કરું છું. જેની વિગતો નીચે મુજબ છે.

**નિયમ ૪ (૧) :** અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ થ્રી સ્ટાર,ફોર સ્ટાર,ફાઈવ સ્ટાર,સેવન સ્ટાર હોટલ/આરામગૃહ/આહારગૃહના પરવાના ઈસ્યુ કરવા/રીન્યુ કરવાની સત્તા નાયબ પોલીસ કમિશનર ઝોનને બદલે સબંધિત વિસ્તારના સેક્ટરશ્રીને આપવામાં આવે છે. આ સિવાયના અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ સાર્વજનિક હોટલ/આરામગૃહ/આહારગૃહના પરવાના ઈસ્યુ કરવા/રીન્યુ કરવા અંગે ઝોનના નાયબ પોલીસ કમિશનરને આપવામાં આવેલ સત્તા યથાવત રાખવામાં આવે છે.

અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ થ્રી સ્ટાર,ફોર સ્ટાર,ફાઈવ સ્ટાર,સેવન સ્ટાર હોટલમાં ચાલતા કોફી શોપના ૨૪ કલાક ચાલુ રાખવાના પરવાના ઈસ્યુ/રીન્યુ કરવાની અધિક પોલીસ કમિશનર,ટ્રાફીક અમદાવાદ શહેર હસ્તકની સત્તા હવે સબંધિત વિસ્તારના સેક્ટરશ્રીને આપવામાં આવે છે.

**નીચે મુજબનો ઉમેરો નિયમ ૪ (૧) (એ) તરીકે કરવામાં આવે છે.**

**નિયમ ૪ (૧) (એ) :** અમદાવાદ શહેર વિસ્તારમાં સાર્વજનિક થ્રી સ્ટાર,ફોર સ્ટાર,ફાઈવ સ્ટાર,સેવન સ્ટાર હોટલ/આરામગૃહ/આહારગૃહના પરવાના ઈસ્યુ કરવા/રીન્યુ કરવાની કામગીરી સંબધિત નાયબ પોલીસ કમિશનર ઝોનને બદલે હવેથી સબંધિત વિસ્તારના સેક્ટરશ્રીને આપવામાં આવે છે.

અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ થ્રી સ્ટાર,ફોર સ્ટાર,ફાઈવ સ્ટાર,સેવન સ્ટાર હોટલમાં ચાલતા કોફી શોપના ૨૪ કલાક ચાલુ રાખવાના પરવાના ઈસ્યુ/રીન્યુ કરવાની અધિક પોલીસ

કમિશનર,ટ્રાફીક અમદાવાદ શહેર હસ્તકની કામગીરી હવે સબંધિત વિસ્તારના સેક્ટરશ્રીને આપવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે. આ જાહેરનામું બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

**આજ તારીખ:૨૯/૦૬/૨૦૧૬ના રોજ મે મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.**

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના : -</u>

૧। મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા.
   ર/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારું.
૨। અધિક મુખ્ય સચિવશ્રી, ગ્રુહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩। પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.
૪। કલેકટરશ્રી, જીલ્લા કલેકટરશ્રીની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.
૫। અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.અમદાવાદ(૫ નકલમાં)
૬। રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ(૫ નકલમાં)
૭। રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ(૫ નકલમાં)
૮। ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ(૨૫ નકલમાં)
૯। મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
૧૦। પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રો પોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર.
૧૧। સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૧૨। માહીતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર.(૨ નકલમાં)

<u>નકલ રવાના : -</u>

૧। સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર - ૧ મુખ્યમથક, વિ.શા.ક્રાઈમ અમદાવાદ શહેર.
૨। અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર - ૨ ટ્રાફીક શાખા અમદાવાદ શહેર.
૩। તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
૪। તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
૫। જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલરુમ, અમદાવાદ શહેર.
   ર/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારું.
૬। તમામ પોલીસ ઈન્સ.શ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
૭ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા, અમદાવાદ શહેર.(૮ નકલ)